નાયબ મુખ્યમંત્રી સંઘવી રાજકોટની મુલાકાતે

તસવીર : દિલિપ ગોહેલ

ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યના મંત્રીઓની ફેર નિયુકતિ બાદ નાયબ મુખ્યમંત્રી તરીકે હર્ષભાઈ સંઘવીની નિયુક્તિ થતાં તેઓએ પ્રથમવાર નાયબ મુખ્યમંત્રી તરીકે રાજકોટ શહેરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ નવનિયુકત ઉપાધ્યક્ષ અને પુર્વ સાંસદ રમેશભાઈ ધુડક, પ્રદેશ નવનિયુકત સહકોષાધ્યક્ષ અને પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયાની વિશેષ ઉપસ્થિતિમાં રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, સૌરાષ્ટ્ર ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, રાજકોટ વિધાનસભા- ૬૮ ઉદયભાઈ કાનગડ, વિધાનસભા-૬૯ ડો. દર્શિતાબેન શાહ, વિધાનસભા-૭૦ ના રમેશભાઈ ટીલાળા, પૂર્વ મંત્રી અને રાજકોટ ગ્રામ્ય વિધાનસભા-૭૧ ના ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા પ્રમુખ પ્રવિણાબેન રંગાણી સહિતના એ બુકે આપી સ્વાગત કરવામાં આવેલ હતું.આ તકે પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કમલેશભાઈ મીરાણી, ધનસુખભાઈ ભંડેરી, શહેર મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, દંડક નેતા મનીષભાઈ રાડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, સહિતનાએ હર્ષભાઈ સંઘવીનું રાજકોટના સરકીટ હાઉસ ખાતે બુકે આપી સ્વાગત કરવામાં આવેલ હતું.

પોલીસ સમાચાર

ઉનાના વાંસોજમાં બંધ ટ્રકની કેબિનમાં આગ: સ્થાનિકોએ પાણીનો મારો ચલાવી વિકરાળ બનતી અટકાવી

કૈલૈશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના વાંસોજ ગામમાં મોડી રાત્રે એક બંધ ટ્રકની કેબિનમાં આગ લાગી હતી. ગામના પાદરમાં પાર્ક કરેલી ય્ત્ન ૧૪ ઢ ૩૦૦૮ નંબરની ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા સ્થાનિકોએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે, આગ ઓલવાયા બાદ ટ્રકની કેબિનનો આખો ભાગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટના બની તેના થોડા સમય પહેલા જ ટ્રક ડ્રાઈવર અને તેનો એક સાથી ટ્રક પાર્ક કરીને ગામમાં કોઈ કામ અર્થે ગયા હતા. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

ધારીમાં શેત્રુંજી નદીના પુલ નજીક પ્રેમપરાના યુવકની લાશ મળી

ધારી

ધારી નજીક આવેલી શેત્રુંજી નદીના પુલ નજીક શુક્રવારના રોજ એક યુવકની લાશ પડેલી હોવાની જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની માહિતી મળતાં જ ધારી પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. મૃતકની ઓળખ તેની પાસેથી મળેલા મોબાઈલ ફોન અને પાકીટના આધારે કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મૃતકનું નામ જયંતિભાઈ સોલંકી હોવાનું જાહેર થયું હતું. મૃતક ધારી શહેરના પ્રેમપરા વિસ્તારમાં રહેતા હતા. નોંધનીય છે કે જયંતિભાઈ છેલ્લા ચાર દિવસથી ગુમ હતા, જે અંગે ધારી પોલીસ દ્વારા અગાઉથી તપાસ હાથ ધરવામાં આવી રહી હતી. જયંતિભાઈએ આપઘાત કર્યો છે કે અકસ્માતે મૃત્યુ થયુ છે તેની પોલીસ તપાસ કરી રહી છે.

રાજકોટના નાગેશ્વર બસ સ્ટોપ પાસે ડમ્પર હડફેટે મહિલા એલઆઇસી એજન્ટને ઇજા

રાજકોટ,

રાજકોટના શહેરના જામનગર રોડ પર નાગેશ્વર બસ સ્ટોપ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. આ અકસ્માતમાં બ્લોક નં. ૮૯, પ્રમુખ સ્વામિ પાર્ક, રેલનગર ખાતે રહેતા અને એલઆઈસી એજન્ટ ઈજા થતાં ડમ્પર ચાલક સામે ગુનો નોધાવ્યો છે.

જાણવા મળ્યા મુજબ રાજકોટના પુજાબેન તા.ઉના બપોરે આશરે સવા બારેક વાગ્યે પોતાનું એક્ટિવા નં. જીજે૦૩પીએચ-૭૧૧૮ લઈને નાગેશ્વર વિસ્તારથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન નાગેશ્વર બસ સ્ટોપ પાસે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક ડમ્પર ચાલકે એક્ટિવાને પાછળના ભાગે ટક્કર મારી હતી. આથી પુજાબેન એક્ટિવા સાથે રોડ પર પટકાયા હતા અને ડમ્પર ચાલક તેમને જમણી બાજુએ ઘસીને નાસી છૂટ્યો હતો. પુજાબેનને જમણા હાથની કોણીના ભાગે ફેક્ચ્ર થઇ ગયું કોઈએ ૧૦૮ એમ્યુલન્સને જાણ કરતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા૦ હતા.ગાંધીગ્રામના પોલીસે ફરિયાદ આધારે ગુનો દાખલ નોંધી તપાસ હાથ ધરી છે

અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર (અખાડા) માં ફીમાં ધરખમ વધારા સામે વિરોધનો વંટોળ

ફી વધારાને કારણે યુવાનો, યુવતીઓ અને સિનિયર સિટીઝનોમાં ભારે રોષ

અમરેલી

અમરેલી શહેરના મધ્યમાં આવેલું અને વર્ષોથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ફિટનેસ પ્રેમીઓ માટે આશ્રય સ્થાન ગણાતું સમર્થ વ્યાયામ મંદિર (અખાડો) હાલ તેના મૂળ હેતુથી ભટકી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે. નવા વર્ષની શરૂઆત સાથે જ સમર્થ વ્યાયામ મંદિરના ટ્રસ્ટીઓ તથા વર્તમાન પ્રમુખ દ્વારા કરાયેલા ધરખમ ફી વધારાને કારણે યુવાનો, યુવતીઓ અને સિનિયર સિટીઝનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સમર્થ વ્યાયામ મંદિરમાં રોજબરોજ અમરેલી શહેર ઉપરાંત સમગ્ર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી યુવાનો—યુવતીઓ વોકિંગ, જિમ, વોલીબોલ, ટેનિસ, બેડમિન્ટન તથા પોલીસ ભરતીને ધ્યાનમાં રાખી રનીંગની પ્રેક્ટિસ માટે આવે છે. આ સાથે મોટી સંખ્યામાં સિનિયર સિટીઝનો પણ સ્વાસ્થ્ય માટે અહીં વોકિંગ કરે છે. પરંતુ કોઈ આગોતરી જાણ કે ચર્ચા વિના ટ્રસ્ટીઓ અને પ્રમુખ દ્વારા સીધો ફી વધારો કરવામાં આવતા તમામ વર્ગોમાં અસંતોષ વધ્યો છે. અખાડામાં આવતા અસંખ્ય લોકો દ્વારા આ ફી વધારાનો સખત વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

અખાડામાં વર્ષોથી ફિટનેસ જાળવી રાખવા આવતા સિનિયર સિટીઝનોએ જણાવ્યા અનુસાર શહેરના વિકાસમાં સદાય અગ્રેસર રહેલા પી.પી. સોજીત્રાના પ્રયત્નોથી નગરપાલિકા દ્વારા લેડીઝ—જેંટ્સ જિમનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેની આવક અખાડાને પૂરતા પ્રમાણમાં થઈ રહી છે. આ ઉપરાંત તેમની પહેલથી બેડમિન્ટન કોર્ટ, યોગાસન હોલ તથા ટેનિસ કોર્ટમાં મજબૂત કાર્પેટ ફિટ કરવામાં આવી છે. ટેબલ ટેનિસ માટે બે નવા ટેબલો, વોલીબોલ માટે બે નેટ અને ૧૨ બોલ તેમજ બેડમિન્ટન માટે શટલ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. છતાં સંસ્થાની મિટિંગોમાં તેમને યોગ્ય રીતે આમંત્રિત ન કરવામાં આવતાં નારાજગી જોવા મળે છે. ફી વધે છે, પરંતુ સગવડ શૂન્ય હોવાનો પણ સભ્યોનો આરોપ છે. રનિંગ ટ્રેકની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. રનિંગ ટ્રેકની લેવલ બગડતાં ઈજાનો ભય રહે છે, જમીનમાંથી પથ્થરો બહાર દેખાઈ રહ્યા છે. શૌચાલયોમાં ગંદકી છે અને પીવાના પાણીની ટાંકીની નિયમિત સાફ સફાઈ થતી નથી. આવી પરિસ્થિતિમાં ટ્રસ્ટીઓ અને પ્રમુખ દ્વારા લેવામાં આવેલ ફી વધારાનો નિર્ણય સભ્યો પર આર્થિક બોજ સમાન હોવાનું લોકો જણાવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, બેચરબાપાના અવસાન બાદ પ્રમુખ બનેલ એમ.કે. સાવલિયા દ્વારા વારંવાર વિવાદ ઊભા થાય એવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. હાલ કરવામાં આવેલા ભારે ફી વધારાને પગલે વિરોધનો વંટોળ વધુ ઉગ્ર બન્યો છે. જેમાં ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય એડવોકેટ બકુલભાઈ પંડ્યા ખુદ વિદ્યાર્થીઓ સાથે રહીને ખુલ્લેઆમ વિરોધ નોંધાવી રહ્યા છે. અખાડામાં રોજની એન્ટ્રી ફી અગાઉ ૫ રૂપિયા હતી, જેને વધારીને ૮ રૂપિયા કરવામાં આવી છે. જો આ ફી ફરી ૫ રૂપિયા કરવામાં નહીં આવે તો સંસ્થાના ટ્રસ્ટીઓ તથા પ્રમુખ સામે જનઆંદોલન કરવાની ફરજ પડશે એવી ચીમકી પણ ફિટનેસપ્રેમીઓ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.હાલ યુવાનો, યુવતીઓ તથા સિનિયર સિટીઝનોમાં ભારે અસંતોષ ફેલાયો છે. અખાડામાં નિયમિત આવનાર અસંખ્ય લોકો દ્વારા ફી વધારા સામે સખત વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. જો ફી બાબતે પારદર્શકતા અને વ્યવસ્થામાં તાત્કાલિક સુધારા નહીં થાય તો આવનારા દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી.

મગફળી ખરીદ કેન્દ્રમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

બગસરામાં ટેકાના ભાવે મગફળી ખરીદી કેન્દ્રમાં ૨૦૦ ગ્રામ વધુ મગફળી લઈ ભ્રષ્ટાચારનો કોંગ્રેસનો આક્ષેપ

બગસરા

બગસરા તાલુકામાં ટેકાના ભાવે મગફળી ખરીદીનું કેન્દ્ર જેતપુર રોડ પર શરૂ કરેલ છે. જેમાં ખેડૂતોને મગફળી માટે દરેક ખેડૂત પાસેથી ભરાઈને નામે ૫૦૦૦ રૂપિયા જેવી રકમનો તોડ કરવામાં આવતો હોવાના આક્ષેપો સાથે કોથળામાંથી મગફળી બહાર કાઢવામાં આવતી હોવાનો સીસીટીવી ફૂટેજ કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલ દ્વારા સોશિયલ મીડિયામાં મુકેલ છે. તેમજ ભ્રષ્ટાચારનો સીધો આક્ષેપ બગસરાના ખરીદી કેન્દ્ર પર કરેલ છે.બગસરામાં ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા માટેનું કેન્દ્ર આપવામાં આવેલ છે. આ ખરીદી કેન્દ્ર પર રોજના ૧૦૦થી પણ વધુ ખેડૂતો પોતાની મગફળી લઈને ટેકાના ભાવે વેચાણ માટે આવે છે.પરંતુ આ ખેડૂતોને પોતાની માંડવીમાં થોડી ઘણી મુશ્કેલી હોય તો ભરાઈના નામે ભ્રષ્ટાચાર પેટે રૂપિયા ૩૦૦૦થી લઈ ૫૦૦૦ પડાવી લેવામાં આવે છે.જેને લીધે દોઢ માસથી પણ વધુ સમયથી શરૂ થયેલા આ કેન્દ્રમાં રોજના લાખોના હિસાબે અત્યાર સુધીમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ ભાવનગર જિલ્લાના કોંગ્રેસ પ્રવક્તા મનહર પટેલ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી કરવામાં આવેલ છે.ટેકાના ભાવે મગફળીની ગુણીમાં ભરતી ૩૫.૮૦૦ કિગ્રા મુજબ ભાવ ચૂકવે અને ખેડૂતો પાસેથી ૩૬ કિગ્રાની ભરતી કરાવવામાં આવે છે. જેમાં ૨૦૦ ગ્રામ મગફળી પછીથી કાઢી લઈ તેનું અલગથી વેચાણ કરવામાં આવે છે.

જેના પુરાવા રૂપે મગફળીની ગુણીમાંથી મગફળી કાઢવામાં આવતી હોવાનો સીસીટીવી ફૂટેજ પણ મૂકવામાં આવેલ છે. સીસીટીવી ફૂટેજમાં રાત્રિના સમયમાં ૨૦૦ ગ્રામ વધારાની મગફળી કાઢીને અલગથી કોથળામાં ભરવામાં આવે છે.

અમરેલીમાં નકલી ખાતર બનાવતી ફેક્ટરી ઝડપાઈ

SOGએ મોટા આંકડીયામાંથી રૂ. ૧૬.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી

અમરેલી જિલ્લામાં સ્પેશિયલ ઓપરેશન બ્રાન્ચ (SOG) દ્વારા મોટા આંકડીયા પીપળલગ રોડ પર આવેલી એક નકલી ખાતર બનાવતી ફેક્ટરી ઝડપી પાડવામાં આવી છે. SOGએ ફેક્ટરીમાંથી રૂ. ૧૬,૭૪,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફેક્ટરી, જે નિરીમા એગ્રી પ્રોડક્ટ્સ નામથી કાર્યરત હતી, ત્યાંથી નબળી ગુણવત્તાવાળું એમોનિયમ સલ્ફેટ ખાતર ભરેલી

૫૦ કિલોની ૫૦૨ બેગ (કિંમત રૂ. ૪,૪૬,૯૦૦), POLYHALITE IPL ખાતર ભરેલી ૨૫ કિલોની ૭૨૦ બેગ (કિંમત રૂ. ૬,૮૪,૦૦૦) જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત, સરોવર સરદાર ઈમ્પોર્ટેડ બાય ગુજરાત સરદાર ફર્ટિલાઇઝર કોર્પોરેશન લખેલી ૫૬૦૦ ખાલી પ્લાસ્ટિક બેગ (કિંમત રૂ. ૧૪,૦૦૦) અને ખાતર બનાવવા તથા ભરવા માટે ઉપયોગમાં લેવાતી ૩ મશીનરી (કિંમત ?૫,૦૦,૦૦૦) પણ સિઝ કરવામાં આવી છે.

આ કાર્યવાહી અગાઉ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાની તપાસના ભાગરૂપે કરવામાં આવી છે. એક મહિના પહેલા બાબરા તાલુકાના ખભાળા ગામ નજીક ફર્ટિલાઇઝર એગ્રોના વિક્રેતા પાસેથી બનાવટી IFCO કંપનીના માર્કાવાળી પ્લાસ્ટિક બેગમાં હલકી ગુણવત્તાવાળું ખાતર વેચવા બદલ આવશ્યક ચીજવસ્તુ ધારો ૧૯૫૫ની કલમ ૭ હેઠળ ગુનો નોંધાયો હતો. અમરેલી SOG પી.આઈ. આર.ડી. ચૌધરી અને ખેતીવાડી કચેરીની ટીમે આ બનાવટી ખાતરની ફેક્ટરી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આ કેસમાં લાલાવદરના રહેવાસી ભરત ચીમનભાઈ ધાનાણી આરોપી છે, જેમની ધરપકડ કરવામાં આવશે.

સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામ નજીક ફોરેસ્ટ વિસ્તારમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામ નજીક આવેલા ફોરેસ્ટ વિસ્તારમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, મોટા ઝીંઝુડા પાસેના પલાણીયા બીડ વિસ્તારમાં લામધાર ડુંગર ઉપર એક મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિકોને થઈ હતી. સ્થાનિકોએ જાણ કરતા જ સાવરકુંડલા રૂરલ પોલીસ અને વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તપાસ દરમિયાન પોલીસને એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતદેહ અત્યંત કોહવાયેલી હાલતમાં હોવાથી તે ઘણા સમયથી ત્યાં પડ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી હ્યુજીની મદદથી વધુ તપાસ હાથ ધરી છે અને મૃતકની ઓળખ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા છે.

નામ બદલાવેલ છે

મારૂ નામ પંડ્યા વૈશાલી જચેન્દ્ર હતુ જે બદલીને પંડ્યા વૈશાલીબેન જચેન્દ્રભાઈ કરેલ છે. હવેથી હું મારા નવા નામ પંડ્યા વૈશાલીબેન જચેન્દ્રભાઈ તરીકે ઓળખાઇશ.

સહી : પંડ્યા વૈશાલીબેન જચેન્દ્રભાઈ

સરનામું : ધર્મનાથ, વૈશાલીનગર-૬, આમ્રપાલી વિસ્તાર, રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭

રાજકોટની દાણાપીઠમાં બે દિવસમાં ત્રણ દુકાનના તાળા તૂટ્યા: વેપારીઓમાં રોષ

રાજકોટ,

રાજકોટમાં પરા બજાર, દાણાપીઠ, સોની બજાર, વગેરે વિસ્તારમાં દુકાનોમાં ચોરીના બનાવ વધતાં વેપારીઓમાં રોષ ફેલાયો છે. દાણાપીઠમાં બે દિવસમાં ત્રણ દુકાનના તાળા તૂટતા એ.ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, બે દિવસ પહેલા દાણાપીઠમાં નવાબ મસ્જિદની સામે આવેલ નિમેશ ટ્રેડર્સમાં રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને તેમાંથી આઠ ડબા તેલ તેમજ પાંચ લિટરના તેલના બે કાર્ટૂન, રોકડ સહિત કુલ રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટ્યા હતા. જે અંગે વેપારી નિમિષભાઈને જાણ થતાં તેઓએ તુરંત પોલીસને જાણ કરી હતી. દાણાપીઠમાં આવેલ સ્વામિનારાયણ શેરીમાં આવેલ જલારામ ટ્રેડર્સમાં ત્રાટકયા હતાં અને દુકાનમાંથી તસ્કરો ખજૂરના ૨૦ કાર્ટૂન અને રોકડની ચોરી કરી નાસી છૂટ્યા હતાં. સ્થાનિક પોલીસનું પેટ્રોલિંગ હોવા છતાં ચોરી થતાં વેપારીયાઓની મુશ્કેલી વધી છે.

પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

સુરક્ષા અને ભરોસાપાત્રતાની સુધારણા માટે MSDAC ની જોગવાઈ તથા રેલ નેટ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૦૨૬/૪૫ (ઈએલ)

તારીખ : ૦૫.૦૧.૨૦૨૬

કામનું નામઃ (a) રાજકોટ ડિવિઝન : રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર સ્ટેશન ખાતે સુરક્ષા અને ભરોસાપાત્રતાની સુધારણા માટે MSDAC ની જોગવાઈ (b) રાજકોટ ડિવિઝન : વિવિધ ઓફિસો અને કોલોનીઓ ખાતે રેલ નેટ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ.

અંદાજીત પડતરઃ ₹ ૧૩,૦૧,૯૫૮.૬૨/- | ઈએમડી પડતરઃ ₹ ૨૬,૦૦૦/-

ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૨૮-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી

ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in

RJT-179

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.